## ૩૦૦ દિવસમાં ૬૦ દેશોનો પ્રવાસ કરશે

# સાંતાક્રુઝના બે વેપારીઓ કારમાં વર્લ્ડ ટૂર પર નીકળ્યા



। મુંબઈ ।

એક અસાધારણ પ્રયાસમાં મુંબઈ સ્થિત બે રોટેરિયન વેપારીઓ પ્રવીણ મહેતા અને તેમના મિત્ર ડો. સુધીર બદલોતા કારમાં આશરે ૩૦૦ દિવસ સુધી ૭૦,૦૦૦ કિ.મી. અંતર આવરી લેતા એશિયા, યુરો, સાઉથ અમેરિકા અને નોર્થ અમેરિકાના ચાર ખંડોમાં આશરે ૬૦ દેશોમાં વિશ્વવ્યાપી પ્રવાસે આજે સાંતાક્રુઝના રોટરી ક્લબ ઓફ બોમ્બે વેસ્ટથી નીકળ્યા હતા. તેમની આ સાહસિક પ્રવાસની ભાવના જીવનની ઉજવણી, દુનિયાને જોડવાની અને શાંતિની આકાંક્ષા છે. આ પ્રવાસ દરમિયાન બંને ઉક્ત દેશની ૧૨૦થી વધુ નામાંકિત હસ્તીઓને મળશે. આ હસ્તીઓ જે તે ક્ષેત્રની નામાંકિત છે અને સમાજમાં નોંધનીય યોગદાન આપ્યું છે. તેઓ વિજ્ઞાની, સંશોધકો, કલાકારો, સામાજિક વેપાર સાહસિકો, સમાજસેવકો, રેડિયો જોકી, લેખકો, શિક્ષકો અથવા કોઈપણ સમાજની પ્રગતિમાં યોગદાન આપનારી પ્રેરણાત્મક અને અલગ અલગ ક્ષેત્રની વ્યક્તિઓને તેઓ મળશે. આ પ્રયાસને રોટરી ક્લબ ઓફ બોમ્બે વેસ્ટ દ્વારા ટેકો આપવામાં આવ્યો છે.

પ્રવીણ મહેતાની યશકલગીમાં અનેક પીછાં છે. તેમણે ચંડીગઢથી સ્પિટી વેલીથી મનાલી અને ચંડીગઢ સુધી ૧૦૦૦ કિમી મોટરબાઈક રેલી પૂરી કરી છે.